# વારાંગ

કારકલથી વારાંગ ફકત ૨૪ કિ.મી. છે. અહીં ત્રણ જિનમંદિરો છે. જેમાં એક તો જલમંદિર છે. હોડકામાં બેસાડીને ખલાસી સામે કાંઠે લઈ જાય છે. હોડકામાં એક સાથે પાંચ વ્યક્તિને બેસાડે છે. હોડકામાં બેસીને સામે કાંઠે પહોંચતા ફકત ૩-૪ મિનિટ જ થાય છે.

એક જ મંદિરમાં ચારે બાજુ શ્રી અનંતનાથ, શ્રી શાંતિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી નેમિનાથ-તેમ ચારે બાજુ ખડ્ગાસને ચાર પ્રતિમાજી છે. આ ચારે ભગવાન શ્યામ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે. ત્રીજા મંદિરમાં શ્રી નેમિનાથ પ્રભુ પદ્માસને છે. નીચેના ભાગમાં વચ્ચે ખડ્ગાસન સ્ફટિકની એક મૂર્તિ છે. તે સિવાય ૨૪-૨૪ તીર્થંકર ભગવંતોની બે લાઈન છે. વારાંગ તદ્દન નાનકડું ગામડું છે. મંદિર સિવાય ગામમાં કાંઈ નથી. સાંભળવા મુજબ વારાંગ તીર્થક્ષેત્રનો હમણાં ઘણો વિકાસ થયો છે.

આ રીતે દક્ષિણના અગત્યના તીર્થધામોનું વર્ણન પુરૂં થાય છે. બાકી તો ભારતભરમાં જુઓ તો અનેક મહાન તીર્થો છે.

म्हारा परम दिगंबर मुनिवर आया, सब मिल दर्शन कर लो ।
बार-बार आना मुश्किल है, भाव भक्ति उर भर लो, हाँ .... ।।
हाथ कमंडल काठ को पीछी पंख मयूर ।
विषय वास आरंभ सब परिग्रह से है दूर ।।
श्री वीतराग-विज्ञानी का कोई ज्ञान हिया विच धर लो, हाँ .... ।।१।।
एक बार करपात्र में अन्तराय अघ टाल ।
अल्प-अशन लें हो खडे, नीरस-सरस सम्हाल ।।
ऐसे मुनि मारग उत्तम धारी, तिनके चरण पकड लो, हाँ .... ।।२।।
चार गति दुःख से डरी, आत्म स्वरुप को ध्याय ।
पुण्य पाप से दूर हो ज्ञान गुफा में आय ।।
सौभाग्य तरण तारण मुनिवर के तारण चरण पकड लो, हाँ .... ।।३।।